

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર | Mo- 9016924808 | સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 02,(SURAT), DATE-02/07/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૦૨, (સુરત), તા.૦૨/૦૭/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 ઉમરપાડામાં આદિવાસી અધિકાર બચાવો રેલી,૧૦ હજારથી વધુ લોકો જોડાયા

3 આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર સતત કાર્યરતઃ પ્રભારીમંત્રી મુકેશભાઇ પટેલ

4 તેરા તુજકો અર્પણ કાર્યક્રમઃકડોદરા પોલીસે ચોરાયેલા ૮ લાખના ૫૦ મોબાઈલ મૂળ માલિકને આપ્યા


# શુભ ભાવથી સેવા ભાવથી ભક્તિ કરીશું તેજ આપણી સાથે આવશેઃ પૂજય મહંત સ્વામી


## ઝાડેશ્વર BAPSસ્વામિનારાયણ મંદિર ખાતે અન્નકૂટ સંયોગી અભિવાદન મહાસભાનો ૧૫૦૦૦ હજાર હરિભક્તોએ લાભ લીધો

## સ્વામિનારાયણ ભગવાન એ આપવા વાળી બેન્ક છે લેવાવાળી બેન્ક નથી કન આપી મન લેવાનું છે પૂજય મહંત સ્વામી

ભરૂચ -ઝાડેશ્વર BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે તારીખ ૧૫ જૂનથી ૫ જુલાઈ સુધી સંપ્રદાયના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી મહારાજના વારસદાર પૂજય મહંત સ્વામી મહારાજનું આગમન થતાં મંદિર પરિષદમાં વિવિધ કાર્યક્રમ ચાલી રહ્યા છે જયારે ગત તારીખ ૨૯ ને રવિવારના રોજ અન્નકુત સહયોગી અભિવાદન મહાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૫૦૦૦ થી પણ વધારે હરિભક્તોએ આ મહાસભાનો લાભ લીધો હતો

સ્વામિનારાયણ મંદિરના સભા ગૃહમાં તમામ હરિભક્તોને પૂ. મહંત સ્વામીએ સમિપ દર્શન આપ્યા હતા. ૧૫ જૂનથી ઝાડેશ્વર BAPS સ્વામિનારાયણ મંદિરે મહંત સ્વામી નું આગમન થતાંજ સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું છે જયારે ૧૫ જૂન થી જ મંદિર પરિષદમાં વિવિધ કાર્યક્રમનો ધમધમાટ ચાલી રહ્યો છે રોજ પ્રાપ્ત પૂજા આરતી પૂજન સહિતના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

ત્યારે તારીખ ૨૯ ના રોજ પણ અન્નકૂટ સહયોગી અભિવાદન મહાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું આ અન્નકૂટ મહાસભા માં ઝાડેશ્વર BAPS



સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામી એ ઝાડેશ્વર સ્વામિનારાયણ મંદિરે અન્નકૂટની સેવા કઈ રીતે સરુ થઈ તે વિષે વિશેષ વાત કરી હતી મંદિરના કોઠારી સ્વામીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૨ માં ઝાડેશ્વર બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામીને સંકલ્પ આવતા તેઓએ મંદિરે વિશેષ અન્નકૂટનું આયોજન કર્યું હતું.

જેમાં માત્ર ૩૦૦૦ જેટલા જ હરિભક્તો આ અન્નકૂટ સેવામાં જોડાયા હતા જયારે હાલ વર્તમાનમાં ઝાડેશ્વર બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે ૨૦૨૪ માં ઝાડેશ્વર મંદિર ખાતે ૩૦,૦૦૦ થી પણ વધુ લોકો અન્નકૂટ ની સેવામાં જોડાયા છે ત્યારે આજે આ અન્નકૂટની સેવામાં વિશેષ યોગદાન આપનાર તમામ હરિભક્તોને અન્નકૂટ અભિવાદન મહાસભામાં પૂજય મહંત સ્વામી તેઓને આશીર્વાદ પાઠવ્યા હતાં.

### ન્યૂઝ કેપિટલ ગુજરાત ચેનલ દ્વારા અમદાવાદ ખાતે આયોજિત

## બિલ્ડર આફ઼ ધ નેશન એવોર્ડ સમારોહમાં ઉપસ્થિત રહીને રીઅલ એસ્ટેટ ક્ષેત્રે સરાહનીય કામગીરી કરનાર બિલ્ડર્સને સન્માનિત કર્યા





ન્યૂઝ કેપિટલ ગુજરાત ચેનલ દ્વારા અમદાવાદ ખાતે આયોજિત બિલ્ડર ઓફ઼ ધ નેશન એવોર્ડ સમારોહમાં ઉપસ્થિત રહીને રીઅલ એસ્ટેટ ક્ષેત્રે સરાહનીય કામગીરી કરનાર બિલ્ડર્સને સન્માનિત કર્યા. રીઅલ એસ્ટેટ ક્ષેત્રે વિશ્વસનીયતા, પારદર્શિતા અને ગુણવત્તા અત્યંત જરૂરી છે. સરકારે પણ આ દિશામાં યોગ્ય નીતિ-નિયમો લાવીને આ સેક્ટરને સુઆયોજિત કર્યું છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત@ ૨૦૪૭' ના વિઝનને સાકાર કરવામાં રીઅલ એસ્ટેટ સેક્ટરનું શ્રેષ્ઠ યોગદાન મળે તેવું આહવાન આ પ્રસંગે કર્યું.

# સમુલ ડેરીમાં ચાલતા ગેરવહીવટ બાબતે પીપોદરામાં કોગ્રેસ આગેવાનોની બેઠકમાં લડતનો નિર્ધાર

### દર્શન નાયકની આગેવાનીમાં મળેલી બેઠકમાં મોટી માત્રામાં કોંગ્રેસી હાજર રહ્યા



**સુરત-** સુરત જિલ્લાના પીપોદરાની હદમાં આવેલી ભાગ્યોદય હોટેલ ખાતે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક અને કોગ્રેસના જુના જોગી સઇદભાણા હથુરણની આગેવાનીમાં એક બેઠક મળી હતી.

જેમાં મોટી માત્રામાં કોંગ્રેસી કાર્યકરો હાજર રહ્યા હતા આ મિટિંગમાં સુરત યુથ કોંગ્રેસનાં યોજનાર ઇલેક્શનમાં વધુમાં વધુમાં યુવાનોને કોંગ્રેસની વિચારધારા સાથે જોડવા માટે તેમજ સુમુલ ડેરીમાં ચાલી રહેલા ગેરવહીવટ બાબતે લડત આપવા અને સંઘટન સૃજન અભિયાન અંતર્ગત AICC અને GPCC નાં પ્રભારીઓ દ્વારા સુરત જિલ્લાનાં કાર્યકર્તાઓ અને આગેવાનોનો અભિપ્રાય લઈ બનાવવામાં આવેલો રિપોર્ટ સાર્વજનિક કરવા માટે વિપુલભાઈ પટેલ (મહુવા), પ્રકાશસિંહ મેહતા, શંકરભાઈ ચૌધરી, સબ્બીર મલેક, અંદાજભાઈ શેખ (કોસંબા), સુરેશભાઈ વસાવા (કુંડકવડી), નયના બને પરમાર(કોસંબા), પ્રવિણભાઈ વસાવા(કોસંબા), કમલેશભાઈ પી. ચૌધરી (માંડવી), મોહંમદ યાકુબ પટેલ (નાની નરોલી ) અને રાજુભાઈ ગોહિલ (લીબાડા) મળી કુલ ૧૧ સભ્યોની એક સમિતિ બનાવવા આવી હતી. આ મિટિંગમાં ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિના મહામંત્રી દર્શનભાઈ નાયક, કોગ્રેસના સઇદ ભાઈ ભાણા, સહિત માંગરોળ અને ઉમરપાડા તાલુકાના કોગ્રેસના કાર્યકરો મોટી માત્રામાં હાજર રહ્યા હતા.

# કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ ૨૦૨૫ નો કાર્યક્રમ મોતા પ્રાથમિક શાળામાં તા. ૨૮/૦૬/૨૦૨૫ ના રોજ ઉજવવામાં આવ્યો


**બારડોલી, મોતા–** ગુજારાત લાઈવલી હુડ પ્રમોશન કંપની લિ. સચિવાલય, ગાંધીનગર થી શ્રી હરીત આર.દોશી વિસ્તરણ અદિકારી, જયદિપસિંહ વનાર, તાલુકા પંચાયત સભ્ય શ્રીમતી રમીલાબેન રાઠોડ, સરપંચ નરેશભાઈ રાઠો, બારડોલી તાલુકા પ્રા. શિક્ષક સંઘના પ્રમુખ આશિષભાઈ મૈસુરિયા, ઉપપ્રમુખ બિપીનભાઈ ભારતી,દાતાશ્રી પ.પુ. તારાચંદ બાપુ, અંબારામભાઈ જેરામ, તલાટી પ્રદિપભાઈ, અડીશનલ તલાટી રોહીતભાઈ, ગ્રાપંચાયત સભ્ય ભાવિનભાઈ પટેલ, સભ્ય આરતીબેન, દાતા રૂપેશભાઈ પટેલ, ભાજપ અગ્રણી મનિષભાઈ પટેલ, વિશાલભાઈ ટેલર તથા અન્ય ગ્રામજનોની હાજરીમાં કાર્યક્રમ રંગેચંગે ઉજવવામાં આવ્યો.





કાર્યક્રમમાં બાલવાટીકાના ધો. ૧ ના અને આંગણવાડી ના પ્રવેશપાત્ર બાળકોને પ્રવેશ અપાયો, ગામના દાતાશ્રી અંબારામ જેરામ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને સ્કુલબેગ અને નોટબુક તેમજ સ્પોટર્સ યુનિફોર્મ ભેટ આપવામાં આવી હતી. તારાચંદ બાપુ અને અંબારામભાઈ જેરામ અને રૂપેશભાઈ પટેલ નું શાળા દ્વારા સન્માનપત્ર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. શાળામાં ધો.૧ થી ૮ માં પ્રથમ નંબર લાવનાર, ખેલ મહાકુંભમાં સિદ્દી મેળવનાર, સીઈટી અને જ્ઞાન સાધનાની પરિક્ષામાં મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓનું સન્માન મોમેન્ટો આપી કરવામાં આવ્યું. વૃક્ષારોપણ અને ટ્રાન્સપોર્ટેશન ને લીલી ઝંડી આપવામાં આવી તથા પર્યાવરણ જાગૃતી અને માર્ગ સલામતીની પ્રતિજ્ઞા લેવામાં આવી અને એસએમસી સાથ મિટીંગ બાદ કાર્યક્રમ પુર્ણ થયો.

# કામરેજના આંબોલી ગામમાં વડનું વૃક્ષ ધરાશાયીઃમંદિરના પટાંગણમાં આવેલું વૃક્ષ પડતાં ગેટ તૂટ્યો, સદનસીબે કોઈ જાનહાની નહી



કામરેજ- સુરત જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓમાં વધારો નોંધાયો છે. કામરેજ તાલુકાના આંબોલી ગામના લક્ષ્મેશ્વરનગરમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી.

મંદિરના પટાંગણમાં આવેલું વિશાળ વડનું વૃક્ષ અચાનક ધરાશાયી થયું હતું. વૃક્ષ પડવાથી મંદિરનો ગેટ તૂટી ગયો હતો. આ ઘટનામાં નસીબજોગે બહાર પાર્ક કરેલી એક કાર બચી ગઈ હતી.

ઘટના સમયે હાજર લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. જો કે, કોઈ જાનહાની ન થતાં સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. ફૂટેજમાં વૃક્ષ ધરાશાયી થવાની સમગ્ર ઘટના સ્પષ્ટપણે જોઈ શકાય છે.

# ઉકાઈ ડેમમાં ૩૩,૩૬૮ ક્યુસેક પાણીની આવકઃજળસપાટી ૩૧૮.૯૨ ફૂટે પહોચી, ૮૦૦ ક્યુસેક પાણીની જાવક

તાપી- દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ઉપરવાસમાં સક્રિય થયેલા મોન્સુનને કારણે ડેમમાં પાણીની આવક ધીમી ગતિએ વધી રહી છે.

હાલમાં ઉકાઈ ડેમમાં ૩૩,૩૬૮ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. ડેમની વર્તમાન જળસપાટી ૩૧૮.૯૨ ફૂટે પહોંચી ગઈ છે.



ડેમની ભયજનક જળસપાટી ૩૪૫ ફૂટ નિર્ધારિત કરવામાં આવી છે.

ડેમમાંથી ૮૦૦ ક્યુસેક પાણીની જાવક કરવામાં આવી રહી છે. ઉકાઈ ડેમ આસપાસના પાંચ જિલ્લાઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે. આ પાણીનો ઉપયોગ સિંચાઈ અને પીવાના હેતુ માટે કરવામાં આવે છે.




# ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### હિદુઓને નફરત કરનારા, હિદુત્વ વિરોધી

## ગુજરાત વિરોધી ઝોહરાન મમદાની શું બની શકશે દુનિયાના સૌથી મોઘા શહેરના મેયર?





ભારતીય મૂળના ઝોહરાન મમદાની અમેરિકાના સૌથી અમીર શહેર એવા ન્યૂયોર્ક શહેરના મેયર બની શકે છે. એક રીતે જોવા જઈએ તો કોઈપણ ભારતીય મૂળના નાગરિક જયારે વિદેશમાં આટલા મોટા પદ સુધી પહોંચે તો દરેક ભારતીયને ગર્વ થાય તે સ્વાભાવિક છે. પરંતુ અહી મુદ્દો જરા અલગ પ્રકારનો છે. આવો જાણીએ.

અહીં જે ભારતીય મૂળના શખ્સની આપણે વાત કરી રહ્યા છીએ તે હિંદુ, વિરોધી, હિંદુત્વ વિરોધી અને ભારત વિરોધી, મોદી વિરોધી, ભાજપ વિરોધી માનવામાં આવી રહ્યા છે. ઝોહરાન મમદાની વાસ્તવમાં એ ટુલકિટનો જ એક ભાગ છે જેઓ વિદેશમાં રહીને ભારતમાં દેશ વિરોધી તત્વોને પ્રોત્સાહન આપે છે,

આગળ વધારે છે અને ભારતમાં રહેલા આ દેશવિરોધી વર્ગને આ ટુલકિટના માધ્યમથી ઈંધણ, ફન્ડ મળે છે. ઝોહરાન મમદાની ન્યૂયોર્કના મેયર બનવા માટે અમેરિકાની ડેમોક્રેટિક પાર્ટીના સત્તાવાર ઉમેદવાર છે. સૌથી પહેલા તો તેના ભારતીય મૂળ વિશે આપને જણાવીએ કે તેનો ભારત સાથે શું નાતો છે અને ભારતના હિંદુઓને તેઓ કેટલી નફરત કરે છે તેના વિશે જણાવશુ. કોણ છે ઝોહરાન મમદાની? ૩૩ વર્ષિય ઝોહરાન મમદાની ઈન્ડિયન ફિલ્મ મેકર મીરા નાયરના પુત્ર છે. આ એજ મીરા નાયર જેમણે સલામ બોમ્બે, મોનસૂન વેડિંગ અને ધ નેમ સેક...


## મોદી વિરોધી, બીજેપી વિરોધી, એન્ટી ઈન્ડિયા એજન્ડા ચલાવનાર ઝોહરાન મમદાનીને ફન્ડીગ કરનારી સંસ્થા કઈ છે?



ઝોહરાન મમદાનીને અમેરિકાની ઈસ્લામિક સંસ્થા કાઉન્સિલ ઓન અમેરિકન ઈસ્લામિક રિલેશન્સ દ્વારા તગડુ ફન્ડીગ આવે છે. આ એ જ સંસ્થા છે જે ભારત, હિંદુઓ અને ઈજરાયેલ વિરુદ્ધ નફરત ફેલાવવા માટે જાણીતી છે. CAIR એ મમદાનીને કૂલ એક લાખ ડોલરનું અત્યાર સુધી ફન્ડીગ કર્યુ છે.

ડેમોક્રેટિક પ્રાઇમરી જીત્યા પછી ન્યૂયોર્ક સિટીના મેયર બનવા જઈ રહેલા ભારતીય-અમેરિકન ફિલ્મ નિર્માતા મીરા નાયરના પુત્ર ઝોહરાન મમદાની, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરના તેમના નિવેદન માટે ટીકાનો વરસાદ વરસી રહ્યો છે.. તેમનો એક જૂનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં તેઓ ૨૦૦૨ ના ગુજરાત રમખાણો માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધી રહ્યા છે અને ગુજરાતમાં મુસ્લિમોની સંખ્યામાં ઘટાડો થયો હોવાનો આરોપ લગાવી રહ્યા છે. આ વીડિયો વાયરલ થયા પછી, માત્ર ભારતના લોકો જ નહીં પરંતુ તેમના મતવિસ્તારમાં લગભગ બે લાખ ભારતીય અમેરિકન સમુદાયના લોકોએ પણ તેમની ટીકા કરી છે. મમદાનીને CAIR કરે છે ફન્ડીગ મમદાનીને અમેરિકન ઇસ્લામિક સંગઠન CAIR તરફથી ભંડોળ મળ્યું છે, જેના પર ભારત અને હિન્દુઓ વિરુદ્ધ નફરત ફેલાવવાનો આરોપ છે. જે CAIR ઝોરહાન મમદાનીને ફન્ડીગ કરી રહી છે.આ એજ સંસ્થા છે જે ભારતમાં ઓપરેશન...

## વ્યારા-બાજીપુરા હાઈવે પર ટાયર ફાટતાં ઇકો કાર ટ્રક સાથે અથડાઈ:કાર ચાલક ફસાઈ ગયો, ફાયર બ્રિગેડે દરવાજો કાપીને બચાવ્યો; બંને મુસાફરો સહી સલામત



તાપી (વ્યારા)- વ્યારાથી નવસારી તરફ જતી ઇકો કારને બોરખડી પાટિયા નજીક જય મુરલીધર હોટલ પાસે અકસ્માત નડ્યો હતો. કારનું ટાયર ફાટતા ચાલકે સ્ટીયરિંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. આ દરમિયાન કાર હાઈવેની બાજુમાં ઊભેલા ટ્રકના પાછળના ભાગે ધડાકાભેર અથડાઈ હતી.

અકસ્માત એટલો જોરદાર હતો કે કાર ચાલક વાહનમાં ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં વ્યારા ફાયર બ્રિગેડની ટીમ અને મેડિકલ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે કારનો દરવાજો કાપીને ફસાયેલા ચાલકને બહાર કાઢ્યો હતો.

કારમાં કુલ બે વ્યક્તિઓ સવાર હતા. સદનસીબે બંને મુસાફરોને ગંભીર ઈજા થઈ ન હતી. જોકે, સલામતીના ભાગરૂપે ચાલકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માતમાં કોઇ જાનહાનિ થઈ ન હતી.




## માંડવી તાલુકાની વી.એફ. ચૌધરી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ મંત્રી કુવરજીભાઈ હળપતિના અધ્યક્ષતા માં કાર્યક્રમ યોજાયો





**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** આ કાર્યક્રમની શુભ શરૂઆત મુખ્ય મહેમાનશ્રી માનનીય મંત્રીશ્રી, કુંવરજીભાઈ હળપતિ (આદિજાતિ અને શ્રમ રોજગાર મંત્રાલય ગુજરાત સરકાર, ગાંધીનગર) અને મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. અને શાળાના પ્રિન્સિપાલ અતુલકુમાર બી. ચૌધરી દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. અને આવેલ તમામ મહેમાનશ્રીઓનું પુષ્પગુચ્છ અને પુસ્તક આપી શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. મંત્રી ના હસ્તે ધોરણ ૯ માં ૩૦૪ અને ધોરણ ૧૧ માં ૧૮૦ એમ કુલ ૪૮૪ વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રવેશ કરાવ્યો હતો. તથા ધોરણ ૯ થી ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓને અને વિવિધ ક્ષેત્રમાં ઉચ્ચ સિદ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓને તેમજ વર્ષ દરમિયાન ૧૦૦ ટકા હાજરી હોય તેવા વિદ્યાર્થીઓને ઇનામ આપી સન્માનિત કરાયા હતા. મંત્રી દ્વારા આ કાર્યક્રમને અનુરૂપ પ્રેરક ઉદબોધન આપવામાં આવ્યું હતું. તેમજ સૌને માર્ગ સલામતી અને મિશન લાઈફ વિશે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

આર.બી. બારડ (મદદનીશ કમિશનરશ્રી આદિજાતિ વિકાસ સુરત), ઓ. એમ. પરમાર (આદિજાતિ વિકાસ અધિકારી સુરત), એજયુકેશન ઇન્સ્પેકટરશ્રી નરેન્દ્રભાઈ વસાવા, માંડવી તાલુકા મામલતદાર મિસ્ત્રી સાહેબ, માંડવી તાલુકાના બી. આર. સી, લાઇઝન અધિકારીશ્રી, શાળાના કેમ્પસ ડાયરેક્ટર નાનસિંગભાઈ ચૌધરી તથા અન્ય અધિકારીઓ અને વિવિધ ગામના સરપંચ ઓએ અને વાલી મિત્રોએ મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમના અંતે શાળાના સુપરવાઇઝર શ્રી સુરેશભાઈ ચૌધરી દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના ઓ.એસ. હરીશભાઈ ચૌધરી અને તમામ શિક્ષક મિત્રોએ સહયોગ આપ્યો હતો અને મહેમાનશ્રીઓ દ્વારા વૃક્ષારોપણ કરી આ કાર્યક્રમ પૂર્ણ જાહેર કરાયો હતો.

## ઉમરપાડામાં આદિવાસી અધિકાર બચાવો રેલી,૧૦ હજારથી વધુ લોકો જોડાયા



બારડોલી- ઉમરપાડા તાલુકા મથકે આદિવાસી અધિકાર બચાવો રેલી નું આયોજન કરવામાં આવ્યું આ રેલીમાં અંદાજિત ૧૦,૦૦૦ થી વધુ લોકો જોડાયા હતા. આદિવાસી અધિકાર બચાવો રેલી માં અનેક આદિવાસી અગ્રણી આગેવાનો તેમજ નેતાઓ જોડાયા હતા

જેમાં વિધાનસભાના ધારાસભ્ય શ્રી ચેતર વસાવા, દયારામ વસાવા, સ્નેહલ વસાવા, જિમી પટેલ, અખિલ ચૌધરી, જગદસી વસાવા જેવા રાજકીય નેતાઓ તેમજ આગેવાનો રેલી માં ભાગ લીધો હતો. આ રેલી માં ઉમરપાડા તાલુકા (જિ. સુરત) ના આદિવાસી સમાજે વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬, પેસા કાયદો, ૧૯૯૬ અને ગુજરાત હાઇકોર્ટના આદેશોના અમલીકરણમાં થતી ઉણપ અને આદિવાસીઓના જળ, જંગલ, જમીનના અધિકારોનું ઉલ્લંઘન અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

આ ૮ મુદ્દાને પ્રાથમિકતા અપાઇ ૧.વન જમીન પર ખેતી અને વસાહતોનો તાત્કાલિક સર્વે કરી, નુકસાન થયેલ ઘર, અને પાકનું વળતર આપવું.

૨. વન વિભાગની ગેરકાયદે કાર્યવાહી તાત્કાલિક રોકવી.

૩.ખાલી કરાયેલા પરિવારોને ફરીથી વસવાટ અને ખેતીની મંજૂરી આપવી.

૪. જિલ્લા સ્તરે પેન્ડિંગ વન અધિકારના દાવાઓનું તાત્કાલિક નિરાકરણ કરી અધિકાર પત્ર આપવું.

૫.L ઉમરપાડા, માંડવી અને સોનગઢ તાલુકામાં ચાલતા અભયારણ્ય સર્વેને રદ કરવું, કારણ કે તે વન અધિકાર અધિનિયમ અને પેસા કાયદાની વિરુદ્ધ છે.

૬. સ્ટેચ્યુ ઓફ યુનિટી-સાપુતારા હાઇવે, નેશનલ હાઇવે અને ઉકાઈ જળાશયના સોલર પ્રોજેક્ટ જેવા પ્રકલ્પો દ્વારા આદિવાસીઓનું વિસ્થાપન ન કરવું.

૭.GPSC ઇન્ટરવ્યૂમાં આદિવાસીઓ સાથે થયેલા અન્યાયનું નિરાકરણ કરવું.

૮. પાંચમી અનુસૂચિ અને પેસા કાયદા મુજબ ગ્રામસભાની સંમતિ વિના પર્યાવરણને નુકસાન કરતા પ્રોજેક્ટો રદ કરવાના મુદ્દાને પ્રાથમિકતા અપાઇ હતી.

## માંડવીમાં ચોરોનો તરખાટ નિવૃત્ત Dy.sp ના ઘર સહિત ત્રણ સ્થળોએ ચોરી



**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** સુરત જિલ્લાના માંડવી શહેરમાં ચોરોનો તરખાટ જોવા મળી રહ્યો છે. પોલીસનો કોઈ ખોફ ન હોય તેમ લાગી રહ્યું છે, કારણ કે ટાઉનમાં સીસીટીવી કેમેરાના અભાવનો લાભ ઉઠાવી ચોરો બેફામ બની રહ્યા છે. એક જ રાતમાં નિવૃત્ત Dy.sp ના બંધ મકાન સહિત ત્રણ સ્થળોએ ચોરીના બનાવો નોંધાયા છે, જેને પગલે સ્થાનિકોમાં ભય અને ચિંતાનો માહોલ છે.

માંડવીના અંકુર સોસાયટીમાં રહેતા નિવૃત્ત Dy.sp ચંદુભાઈ પોસલાભાઈ ચૌધરી અને તેમનો પરિવાર બારડોલી ગયો હતો. ગત રાત્રે ચોરો રેઈનકોટ પહેરીને તેમના બંધ મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ્યા હતા. ચોરોએ ઘરમાં રહેલા ત્રણ કબાટ તોડી સામાન વેરવિખેર કરી નાખ્યો હતો. ચંદુભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ, કબાટમાંથી સોનાની ૩ ચેઇન, ૨ વીંટી, હાથમાં પહેરવાનું ૧ લૂસ તેમજ આશરે ૧૦ થી વધુ ચાંદીના સિક્કા અને મંદિરમાંથી રાધા-કૃષ્ણની ચાંદીની મૂર્તિ તથા ચાંદીના સિક્કાની ચોરી થઈ છે. ચોરો ઘટનાસ્થળે રેઈનકોટ મૂકી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં પી. આઈ. ચૌહાણ સહિત પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ઝીણવટભરી તપાસ કરી રહ્યો છે અને ફરિયાદ નોંધવાની તજવીજ ચાલી રહી છે. સીસીટીવી ફૂટેજની પણ તપાસ કરવામાં આવી રહી છે.

**કબાટમાંથી સોનાની ૩ ચેઇન, ૨ વીટી, હાથમાં પહેરવાનું ૧ લૂસ તેમજ આશરે ૧૦ થી વધુ ચાંદીના સિક્કા અને મંદિરમાંથી રાધા-કૃષ્ણની ચાંદીની મૂર્તિ તથા ચાંદીના સિક્કાની ચોરી થઈ છે. ચોરો ઘટનાસ્થળે રેઈનકોટ મૂકી ફરાર થઈ ગયા**

## તરસાડા બાર સર્કલ નજીક પણ કારમાંથી બેગ ચોરાઈ



ત્રીજી ચોરીનો બનાવ તરસાડા બાર સર્કલ નજીક આવેલા વિલેજ વિલા રેસીડેન્સી સોનાલીકા ટ્રેક્ટર શોરૂમ પાસે બન્યો હતો. સુરતથી આવેલા પીવીસી પાઇપના ધંધાર્થી રોહિતભાઈ પટેલ (રહે. સુરત) એ પોતાની વેગન આર ગાડી નંબર Gj ૦૫ RH ૬૮૮૦ પેટ્રોલ પંપની સામે પાર્ક કરી હતી. કોઈ અજાણ્યા શખ્સે ગાડીમાં મુકેલી બેગ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બેગમાં ૨૮ હજાર રૂપિયા રોકડા અને ચેક સહિતના જરૂરી દસ્તાવેજો હતા. આ અંગે માંડવી પોલીસ સ્ટેશનમાં ચોરીની જાણ જોગ અરજી આપવામાં આવી છે.

એક જ દિવસમાં ઉપરાઉપરી બનેલી આ ચોરીની ઘટનાઓએ માંડવી પોલીસની કાર્યક્ષમતા સામે સવાલો ઉભા કર્યા છે અને શહેરમાં સીસીટીવી કેમેરા લગાવવાની તાતી જરૂરિયાત પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

## માંડવીમાં પાર્ક કરેલી કારમાંથી બેગની ચોરી



બીજી ઘટનામાં, ઉનાઈથી બોલક સુધીના રસ્તાનું કામ કરનાર વેપારી વિનોદભાઈ પ્રેમચંદભાઈ દાગળિયા અન્ય બે વ્યક્તિઓ સાથે માંડવી કામ અર્થે આવ્યા હતા. બપોરે આશરે ૧.૩૦ વાગ્યે તેમણે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સામે રોડ ક્રોસ કરી વૃક્ષ નીચે પોતાની ડિઝાયર સિફ્ટ ગાડી નંબર Gj ૨૧ BC ૬૪૫૭ પાર્ક કરી હતી અને પટેલ રેસ્ટોરન્ટમાં જમવા ગયા હતા. આ સમયે અજાણ્યા શખ્સોએ ગાડીના વ્હીલમાં પંચર પાડી, પાછળની સીટ બાજુનો દરવાજાનો કાચ તોડી અંદરથી કાળા કલરની બેગ ચોરી કરી લીધી હતી. વિનોદભાઈએ જણાવ્યું હતું કે બેગમાં રોકડા ૧૦૦૦૦ રૂપિયા તેમજ ચેકબુક, હિસાબી બુકો સહિતના દસ્તાવેજો હતા. પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### સુખ ઓછું નથી હોતું, આપણી અપેક્ષાઓ વધારે હોય છે

ધારો કે તમને એવું વરદાન પ્રાપ્ત થાય, જેના સહારે તમે કોઈ એક ઉંમરને પસંદ કરીને બાકીનું જીવન એ જ ઉંમરમાં જીવી શકો તેમ હો, તો તમે કઈ ઉંમર પસંદ કરો? તમે કાયમ માટે ૧૦ વર્ષના રહેવાનું પસંદ કરો કે ૨૦ વર્ષના? તમે ૪૦ વર્ષને સૌથી સુખી ઉંમર ગણો કે ૫૦ વર્ષને? નિકોટીનામાઈડ અડેનાઈન ડીનુક્લેઓટાઇડ નામના ઘડપણ સાથે સંબંધિત કેમિકલ બનાવતી એક કંપની વતી, ૨,૦૦૦ અમેરિકનોના કરાયેલા એક સર્વેમાં મોટાભાગના લોકોએ ૧૦ કે ૪૦ નહી પણ ૩૬ વર્ષની ઉમરમાં કાયમ માટે જડાયેલા રહેવાનું પસંદ કર્યું છે.

૩૬ કેમ? આ અભ્યાસ લખનાર લેખક, બોસ્ટનની ઇમન્યુઅલ કોલેજમાં સાઈકોલોજીના એસોસિયેટ પ્રોફેસર, ક્લેર મહેતા કહે છે કે, ‘હું છેલ્લા ચાર વર્ષથી ત્રીસી અને ચાલીસીમાં લોકોના અનુભવોનો અભ્યાસ કરી રહી છું, અને મારા સંશોધન અનુસાર આ સમયગાળામાં સૌથી વધુ પડકારો હોય છે, એટલે લોકોને આ ઉંમર સૌથી સાર્થક લાગે છે.

મનોવૈજ્ઞાનિક સંશોધનો કહે છે કે માણસો તેમની ઉંમરમાં વૃદ્ધિ પ્રમાણે અંગ્રેજી યુ આકારમાં સુખનો અહેસાસ કરે છે. તેને હેપ્પીનેસ કર્વ અથવા સુખનો ઘુમાવ કહે છે. મતલબ કે તમે જો ૩૦ વર્ષની વયના હો, તો તમે ૨૦ વર્ષની વય કરતાં ઓછુ સુખ મહેસૂસ કરો છો, અને ૪૦ વર્ષની વયે ૩૦ વર્ષની વયનું સુખ ઓર ઘટી જાય છે. તમે જયારે ૪૭ વર્ષના થાવ, ત્યારે ૪૦ વર્ષના સુખમાં કમી આવે છે.

આ આંકડા પણ એક સંશોધનના છે. અમેરિકાના ન્યૂ હેમ્પશાયરમાં આવેલી ડાર્ટમાઉથ કોલેજના એક પ્રોફેસર ડેવિડ બ્લેચફ્લાવરે ૧૩૨ દેશોના હજારો નાગરિકો પર કરેલા એક સર્વેમાં ખબર પડી હતી કે ૧૮ વર્ષની ઉંમર પછી સુખના અહેસાસમાં ઘટાડો શરૂ થાય છે, અને વિકસિત દેશોમાં ૪૭, જયારે વિકાસશીલ દેશોમાં ૪૮ વર્ષની વયે જઈને અટકે છે. મતલબ કે આ ઉંમરે માણસો સૌથી વધુ દુઃખી હોય છે. સારા સમાચાર એ છે કે ઉંમરના આ શિખર પછી સુખના અહેસાસમાં વધારો નોંધવાની શરૂઆત થાય છે, પરંતુ એમાં એક અડચણ રહે છે; તમે ૧૮ વર્ષની ઉંમરે જે સુખનો અહેસાસ કર્યો હતો, તે ફરી નથી આવતો.

તમને એવું થશે કે ૧૮ વર્ષ પછી તો આપણી પ્રગતિ શરૂ થાય છે, અને આપણે જેમ જેમ પ્રગતિની સીડી ચઢતા જઈએ છીએ, તેમ તેમ આપણું સુખ પણ વધવું જોઈએ. આખરે, જીવનમાં આપણે જે પણ કરીએ છીએ, તે સુખને વધારવા માટે તો હોય છે. આ સંશોધન પ્રમાણે સુખ માટે આર્થિક પરિસ્થિતિ એટલી જવાબદાર નથી, જેટલું સાધારણ રીતે માનવામાં આવે છે.

સુખ અથવા તેની ગેરહાજરીનું એક

મહત્ત્વનું કારણ અપેક્ષાનો ભાવ છે. આપણે જયારે આપણી વીસીમાં હોઈએ છીએ, ત્યારે દુનિયા પેલી વાર્તામાં દ્રાક્ષના વેલા જેવી લાગતી હોય છે. આપણને થાય છે કે હું જરાક જ હાથ લાંબો કરીશ, તો મારા હાથમાં દ્રાક્ષ આવી જશે. એવું થતું નથી. દુનિયા આપણી અપેક્ષા પ્રમાણે ચાલતી નથી. યુવાનીમાં આપણો આત્મવિશ્રાસ અને અહંકાર એટલો મજબૂત હોય છે કે આપણે એ કલ્પી જ શકતા નથી કે આપણું ધાર્યું ન પણ થાય, પણ બધું આપણી ઈચ્છા પ્રમાણે થતું નથી તેનું ભાન ૧૮ વર્ષ પછી જ આવવાનું શરૂ થાય છે. એ આશાભંગમાં પરિપક્વતા આવતાં ૪૦ વર્ષ નીકળી જાય છે. પશ્ર્ચિમના અભ્યાસમાં ૪૭ વર્ષ પછી ફરીથી સુખના અહેસાસમાં વધારો થાય છે, તેનું કારણ જિંદગીના સારા-નરસા અનુભવો અને અપેક્ષાઓના ભંગ પછી આપણા દૃષ્ટિકોણમાં પરિવર્તન આવે છે, અને આપણે સુખ અથવા દુઃખને વધુ વિવેકથી જોવાનું શરૂ કરીએ છીએ.

સુખનો આધાર ઉંમર, સંસ્કૃતિ અને સમાજ પ્રમાણે અલગ અલગ હોય છે. દાખલા તરીકે, આપણે નાના હતા ત્યારે રમકડાંથી રમતા હતા. એ આપણા સુખનું સાધન હતું. તેનાથી કંટાળીએ, એટલે મમ્મી ચાવીવાળું રમકડું લાવી આપે. પછી બેટરીવાળું લાવી આપે. પછી સેન્સરથી ઉડે તેવું આવે. મોટા થઈને પણ આપણે આ જ કરીએ છે. સંબંધો હોય, કામ હોય, વ્યસનો હોય, શોખ હોય, કે મનોરંજનો હોય, આપણે એકથી કંટાળીએ એટલે બીજાનો ટ્રાય કરીએ છીએ. સાદાથી મઝા ના આવે, તો કોમ્પ્લેક્સ રમકડાંથી રમીએ છીએ. દરેક રમકડાં પાસેથી આપણી કોઈને કોઈ અપેક્ષા હોય છે. પાંચ વર્ષના બાળકને રમકડાંમાંથી જે સુખની અપેક્ષા હોય છે, ૨૫ વર્ષના યુવાનને એવી અપેક્ષા અભ્યાસ કે દોસ્તીમાંથી હોય અથવા ૪૫ વર્ષની વ્યક્તિને નોકરી કે ઘર બનાવવામાંથી હોય. ત્રણે વ્યક્તિઓ અપેક્ષા સંતોષવા મથતી હોય છે. એ સુખની અવધિ વ્યક્તિએ વ્યક્તિએ અલગ હોઈ શકે, પણ તેમાંનું એકપણ સુખ કાયમી નથી હોતું. એક સુખ અમુક સમય સુધી ચાલે છે અને પછી આપણે નવી અપેક્ષા પેદા કરીએ છીએ.

## ધરતી આબા જનભાગીદારી અભિયાન અંતર્ગત ઇ.એમ આર.એસ. શાળા ઇન્દુ ખાતે વિદ્યાર્થીઓએ માનવ સાંકળ બનાવી જાગૃતિનો સંદેશો પાઠવ્યો



**તાપી-** દેશના આદિવાસી વિસ્તારોના સર્વાગી વિકાસ માટે ભારત સરકારના આદિજાતિ બાબતો મંત્રાલય, નવી દિલ્હી દ્વારા ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત આજે તાપી જિલ્લાના વ્યારા સ્થિત ઇ.એમ. આર.એસ. શાળા, ઇન્દુ ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ધરતી આબા ની માનવ સાંકળ બનાવી સમાજમાં જાગૃતિ ફેલાવી હતી. આ માનવ સાંકળ થકી વિદ્યાર્થીઓએ સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે ગ્રામજનોને અનુરોધ કર્યો અને અધિજાતિ વિકાસ માટે જોડાઈએ એવો સંદેશો પાઠવ્યો હતો. આ સાથે શાળામાં વિવિધ સ્પર્ધાઓ જેમ કે નિબંધ સ્પર્ધા, રંગોલી, વકૃત્વ સ્પર્ધા જેવી પ્રવૃતિઓ પણ યોજાઇ હતી.

નોંધનિય છે કે, આ અભિયાન અંતર્ગત તાપી જિલ્લાના ૩૬૯ ગામોમાં તા. ૩૦ જૂનથી ૧૫ જુલાઈ સુધી વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં ૧૭ વિભાગોની સેવાઓ, જેવી કે શિક્ષણ, આરોગ્ય, પોષણ, આવાસ, ખેતી, રોજગારી, આરોગ્ય અને પાયાભૂત સુવિધાઓ અંગે લોક જાગૃતિ અને લાભ વિતરણ કેમ્પો યોજાશે.

આ વિશેષ અભિયાન દરમિયાન શાળા-કોલેજો, આંગણવાડીઓ, આરોગ્ય કેન્દ્રો અને ગ્રામસભાઓમાં જનજાગૃતિ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. જેમાં નાગરિકોને સરકારી સેવાઓ વિશે માહિતગાર કરવામાં આવી રહ્યા છે અને અવેરનેશ એક્ટિવિટીઝ થકી લાભ લેવા પ્રેરણા આપવામાં આવી રહી છે.

## બારડોલીમાં ૬.૭૫ લાખનો દારૂ ઝડપાયો, એકની ધરપકડ

બારડોલી- સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે બારડોલીના ટીમ્બરવા ગામની સીમમાં ખેતરાડી વિસ્તારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ ઓપરેશનમાં પોલીસે એક આરોપી દિપેશભાઈ નવીનભાઈ ચૌધરી (ઉંમર ૨૮, રહે. વધાવા ગામ, હળપતિવાસ, તા. બારડોલી) ને ઘટનાસ્થળેથી ઝડપી લીધો, જ્યારે અન્ય છ આરોપીઓ અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા. પોલીસે દારૂ અને વાહનો સહિત કુલ રૂ.૧૩.૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સુરત ગ્રામ્ય એલ.સી.બી.ની ટીમ ખાનગી વાહનોમાં પેટ્રોલિંગ કરતી હતી ત્યારે અસ્તાન સાંઈ મંદિર પાસે ચોક્કસ બાતમી મળી હતી. બાતમીમાં જણાવાયું હતું કે વાઘેચા ગામનો તરૂણભાઈ સુરેશભાઈ ઢોડિયા પટેલ તેના સાગરીતો સાથે મળીને ટીમ્બરવા ગામની સીમમાં ખેતરાડી વિસ્તારમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારી રહ્યો છે.

આ બાતમીના આધારે પોલીસે ઘટનાસ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસને જોતાં જ કેટલાક આરોપીઓ ભાગવા લાગ્યા, પરંતુ પોલીસે પીછો કરીને દિપેશભાઈ ચૌધરીને ઝડપી લીધો હતો. બાકીના આરોપીઓ અંધારાનો લાભ લઈ ખેતરમાં નાસી છૂટ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી અલગ-અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨,૭૨૪ બોટલો (કિંમત રૂ. ૬,૭૫,૬૦૦) જપ્ત કરી. આ દારૂ દમણથી પિકઅપ વાનમાં લાવવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત, પોલીસે કાર કિંમત રૂ. ૬ લાખ) અને બે સ્પ્લેન્ડર મોટરસાઇકલ (પ્રત્યેકની કિંમત ૫૦,૦૦૦) પણ જપ્ત કરી. કુલ મળીને રૂ. ૧૩,૭૫,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત થયો છે. ઝડપાયેલા આરોપી દિપેશભાઈ ચૌધરીએ પૂછપરછ દરમિયાન ફરાર આરોપીઓના નામ જણાવ્યા, જેમાં ધર્મેશ જગદીશભાઈ ચૌધરી (રહે. વધાવા ગામ, પાદર ફળિયું), યોગેશભાઈ રાજુભાઈ ચૌધરી (રહે. વધાવા ગામ, કુકડ ફળિયું), તરૂણ સુરેશભાઈ ઢોડિયા પટેલ (રહે. વાઘેચા ગામ), અશ્વિન (પૂરું નામ અજાણ્યું, રહે. વાઘેચા ગામ) અને લાલુ (પૂરું નામ અજાણ્યું, રહે. વાઘેચા ) નો સમાવેશ થાય છે.

## આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર સતત કાર્યરતઃ પ્રભારીમંત્રી મુકેશભાઇ પટેલ

### તાપી જિલ્લાના પ્રભારીમંત્રીશ્રીના હસ્તે સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો




**તાપી-**ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાનની ઉજવણીના ભાગરૂપે આજે વ્યારા જિલ્લા પંચાયતના ઓડિટોરિયમ હોલ ખાતે પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી સોનગઢ અને નેશનલ સીડ કોર્પોરેશન, ગાંધીનગર દ્વારા આયોજિત કાર્યક્રમમાં રાજયકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી અને તાપી જિલ્લાના પ્રભારીમંત્રી શ્રી મુકેશભાઈ પટેલના હસ્તે ૧૪૩ આદિજાતિ ખેડુતોને પાવર સ્પ્રેયર પંપસેટ તથા આઇટીઆઇના ૧૭૦ વિદ્યાર્થીઓને રૂ.૧૫.૩૮ લાખના સાધનોનો લાભ વિતરણ કરાયો હતો.

પ્રભારીમંત્રીશ્રીએ પ્રાસંગિક ઉદબોધન આપતા જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આદિજાતિ બાંધવોના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. આદિવાસી સમુદાયના સર્વાગી વિકાસ માટે વડાપ્રધાનશ્રીએ વનબંધુ કલ્યાણ યોજના બનાવી આદિવાદી નાગરીકોને વિવિધ લાભો આપી મુખ્ય ધારામાં જોડવાનું ભગીરથ કાર્ય કર્યું છે.ત્યારે આજે દેશના તમામ આદિજાતિ નાગરિકો સરકારશ્રીની વિવિધ યોજનાનોનો લાભ મેળવી સામાજિક અને આર્થિક રીતે પગભર બની રહ્યા છે.

ભારત સરકાર દ્વારા દેશના આદિવાસી સમુદાયના સર્વાગી વિકાસને વેગવંતો બનાવવા ધરતી આબા જનજાતિય ગામ ઉત્કર્ષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ તાપી જિલ્લાના ૭ તાલુકાઓના ૩૬૯ ગામોના ૫.૨૦ લાખ જેટલા આદિવાસી લોકોને સરકારશ્રીનાં ૧૭ જેટલા વિભાગો મારફતે ૨૫ જેટલી વ્યક્તિલક્ષી યોજનાઓ તથા માળખાગત સુવિધાઓનાં લાભોથી લાભાન્વિત કરવાનો ઉદ્દેશ્ય છે.

ત્યારે આગામી ૩૦ જુથી ૧૫ દિવસ સુધી તાપી જિલ્લામાં યોજાનાર ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન હેઠળ યોજાનાર વિવિધ કેમ્પમાં જઈ સરકારની વિવિધ યોજનાનો લાભ લેવા જિલ્લાના સૌ આદિજાતિ બાંધવોને અનુરોધ કર્યો

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
• ૫-સિટર • ૭-સિટર •





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

## ’તમે ટ્રાફિક નિયમ તોડ્યો છે’, ઈ-મેમોના નામે થતી છેતરપિંડીથી ચેતજો! ખાલી થઈ જશે બેન્ક ખાતું



ઓનલાઈન ચિટિંગ કરતાં ગઠિયાઓ જૂની-નવી પદ્ધતિઓ અપનાવીને સતત સક્રિય રહે જ છે. બે વર્ષ અગાઉ અઢળક લોકોને ટ્રાફિક નિયમ તોડવામાં આવ્યો છે તેવી નોટિસ મોકલીને દંડ ભરવા માટે લિન્ક મોકલવામાં આવતી હતી. છેલ્લા થોડા સમયથી ફરી વખત ટ્રાફિક નિયમભંગ કર્યાની નોટિસ સાથે લિન્ક મોકલાય છે. આ લિન્કથી ટ્રાફિક પોલીસ કે વાહન પરિવહન વિભાગ જેવી જ નકલી વેબસાઈટ કે એપ્લિકેશન ખુલે તેમાં દર્શાવેલી બેન્ક ખાતાં તેને સંલગ્ન વિગતો લખવામાં આવતાં જ બેન્ક ખાતું હેક કરીને પૈસા સેરવી લેવામાં આવતાં હોવાથી ઘટનાઓ બની રહી છે. નિયમ તોડ્યો ન હોય તો પણ ઈ-ચલણ નોટિસ મોકલીને ઠગાઈ કરતાં સાયબર ગઠિયાઓ સામે સતર્કતા માટે યુ.આર.એલ.ને ધ્યાનપૂર્વક સમજવા અને ચકાસવા જરૂરી બન્યાં છે.

ઈ-ચલણ સ્કેમ અંતર્ગત પહેલાં તો ટેક્સ્ટ મેસેજ કે ઈ-મેઈલ કરીને તમે ટ્રાફિક નિયમનું ઉલ્લંઘન કર્યું છે અને તમારે દંડ ભરવો પડશે તેવી જાણ કરવામાં આવે છે. પોલીસ જેવો લોગો સાથેના આ મેસેજમાં આપેલી લિન્ક ઉપર દંડની રકમ ભરવા માટે તાકીદ કરવામાં આવે છે. આરટીઓ કે ટ્રાફિક પોલીસની ઈ-પરિવહન વેબસાઈટ જેવી જ એપ્લિકેશન હોય તેવી લિન્ક મોકલવામાં આવે છે. આ લિન્ક ઉપર કિલક કરતાં જ ઈ-પરિવહન જેવી નકલી એપ્લિકેશન તમારા મોબાઈલ ફોન ઉપર ડાઉનલોડ કરવા જણાવાય છે.

એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે લિન્ક ઉપર કિલક કર્યા પછી તેમાં જન્મતારીખ, પાન કાર્ડ નંબર, આધાર કાર્ડ, ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, બેન્ક એકાઉન્ટ વિગતો માગવામાં આવે છે. ઓટીપી, સીસીવી અને એમ પીન મેળવી લઈને પણ છેતરપિંડી કરવામાં આવે છે. આ પ્રકારની લિન્ક આવે તો ધ્યાનપૂર્વક તેમાં દર્શાવેલા સરકારી વેબસાઈટના સ્પેલિંગને ધ્યાનપૂર્વક તપાસતાં જ ઠગાઈનો મેસેજ હોવાનું જણાઈ આવે છે. પોલીસ ઉપરાંત બેન્કો પણ નાગરિકોને સતર્ક રહેવા તાકીદ કરે છે કે, આવી લિન્ક ઉપર કિલક કરવાથી બેન્ક એકાઉન્ટ હેક કરીને પૈસા ચોરી લેવાય તેવી શક્યતા વધી જાય છે.

## શ્રી શાંતારામ ભટ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ મોતામાં નિઃ સ્વાર્થ સેવા આપતા ડોક્ટરે સન્માનિત કરવા ડોક્ટર દિવસની અનોખી ઉજવણી





**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** બધા જ વ્યક્તિ નીરોગી રહે એ હેતુને સાર્થક કરવા રાત દિવસ મહેનત કરતા ડોક્ટરોને સન્માનિત કરવા શ્રી મોતા કેળવણી મંડળ સંચાલિત શ્રી શાંતારામ ભટ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ મોતામાં ડોક્ટર દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળકોએ ડોક્ટર બનીને રેમ્પ વોક કર્યું. તેમજ ડોક્ટરોનું આપણા જીવનમાં કેટલું મહત્વ છે અને આ દિવસ કોની યાદમાં ઉજવવામાં આવે છે. તેના વિશે બાળકોએ સચોટ માહિતી રજૂ કરી. સાથે સાથે ધોરણ ૯ ની વિદ્યાર્થીઓએ મનમોહક ડાન્સ કરી બધાને આકર્ષિત કર્યા. શાળાના આચાર્યશ્રી દીપિકાબેન દેસાઈએ બાળકોને આપણા જીવનમાં અને સમાજમાં ડોક્ટરોનું કેટલું મહત્વ છે તે વિશે જણાવ્યું . અંતે બધા જ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ડોક્ટર માટે શપથ લીધી.




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

Date-02/07/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## માંડવી નગર ભારતીય જનતા પાર્ટી દ્વારા વિકસિત ભારત ના અમૃતકાળ સેવા, શુંશાસન, ગરીબ કલ્યાણ ના ૧૧ વર્ષે અંતર્ગત મોહલ્લા, ખાટલા બેઠક યોજાઈ





**રિપોર્ટર દક્ષેશ પટેલ માંડવી.-** વિકસિત ભારતનો અમૃતકાળ સેવા, સુશાસન, ગરીબ કલ્યાણના ૧૧ વર્ષ અંતર્ગત મોહલ્લા / ખાટલા બેઠક માંડવી નગર ભાર્ગવ સમાજની વાડી ખાતે શક્તિકેન્દ્ર - ૧ હાઈસ્કૂલની તેમજ તાપી શક્તિ કેન્દ્ર ૨ની ખેગાર ફળિયા ખાતે બેઠક રાખવામાં આવી. જેમાં આયુષ્માન ભારત કાર્ડ અંતગર્ત ૭૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોને 'આયુષ્માન વય વંદના કાર્ડ' બનાવી અને યસુભ પણ કરવામાં આવ્યું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં ૭૦ વર્ષ થી વધુના ભાઈ બહેનો વડીલો ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન માંડવી નગર ભાજપ પ્રમુખ પ્રિતેશભાઈ રાવળે કર્યું હતું. અને વક્તા તરીકે પૂર્વ પ્રમુખનટુભાઈ રબારી પાલિકા પ્રમુખ નિમેશભાઈ શાહે સંકલ્પથી સિદ્ધિની વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

જેમાં ગુજરાત પ્રદેશ મન કી બાત દક્ષિણ ઝોનના ક્ષેત્રીય સંયોજક જગદીશભાઈ પારેખ, સુરત જિલ્લા ભાજપ મંત્રી ડો. આશિષભાઈ ઉપાધ્યાય, માંડવી નગર સંગઠન પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ તથા મહામંત્રી શાલિનભાઈ શાહ, માંડવી નગર સંગઠન પૂર્વ પ્રમુખ અને આ કાર્યક્રમના મુખ્ય વક્તા નટુભાઈ રબારી, પાલિકા પ્રમુખ નિમેષભાઈ શાહ, તેમજ માંડવી નગર સંગઠન પૂર્વ પ્રમુખ નીતિનભાઇ શુક્લ, , માંડવી નગરપાલિકા કારોબારી અધ્યક્ષ કિરીટભાઈ પટેલ, માંડવી નગરપાલિકા ઉપપ્રમુખ સંધ્યાબેન ચૌધરી, માંડવી નગરપાલિકા શાસક પક્ષ નેતા ધર્મેન્દ્રસિંહ મહિડા, માંડવી નગરપાલિકા દંડક રંજનાબેન મરાઠે તેમજ સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા સભ્યો, બુથ પ્રમુખો, બુથ સમિતિના સભ્યો, તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

**આયુષ્માન ભારત કાર્ડ અંતગર્ત ૭૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોને 'આયુષ્માન વય વંદના કાર્ડ' બનાવી અને યસુભ પણ કરવામાં આવ્યું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં ૭૦ વર્ષ થી વધુના ભાઈ બહેનો વડીલો ઉપસ્થિત રહ્યા**

### સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના

## ગોપાલીયા ગામ નિશાળ ફળિયામાં મિથુન વસાવા ના ઘરમાં સંતાડી રાખેલ રૂ. ૪,૨૭,૭૧૫ નો મુદ્દા માલ ઝડપી પાડતી સુરત ગ્રામ્ય એલસીબી પોલીસ



**રિપોર્ટર દક્ષેશ પટેલ માંડવી-** સુરત જિલ્લા ગ્રામ્યએલસીબી પોલીસ ઉમરપાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પી આઈ ભટોળ પીએસઆઇ જે એલ પટેલ, મુકેશભાઈ, નરેશભાઈ દિનેશભાઈ પેટ્રોલીંગ માં હતા તે દરમિયાન ચોક્કસપણે મળેલ બાતમીના આધારેઉમરપાડા ગોપાલિયા નિશાળ ફળિયા માં રહેતા મિથુનભાઈ વસાવા ના ઘરે કાચા મકાનમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારેલ છે.

જેમાં અમરસિંહ વસાવા અને મિથુન વસાવા બંને જણા વિદેશી દારૂનો છૂટક વેચાણ કરે છે જેથી રેડ કરતાં ઉપરોક્ત વાતને હકીકત મુજબના ઈસમો હાજર મળી આવેલ ન હોય એની જગ્યાએ એક મહિલા મળી આવેલ હતી જેથી તેને હાજર રાખી મિથુન વસાવાની ઘરની જડતી કરતા તેના કાચા મકાનમાંથી વિદેશી દારૂ મળી આવ્યો હતો જેની કુલ કિંમત ૪, ૨૭, ૭૧૫ નો મુદ્દા માલ કબજે કરી અને પોતાના ઘરમાં વિદેશી દારૂ સંતાડી રાખનારને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**મિથુન વસાવાની ઘરની જડતી કરતા તેના કાચા મકાનમાંથી વિદેશી દારૂ મળી આવ્યો હતો જેની કુલ કિંમત ૪, ૨૭, ૭૧૫ નો મુદ્દા માલ કબજે કરી**

## ગણદેવી ખેડૂત સહકારી સંઘની વાર્ષિક સભા મળીઃ સભાસદોને ૧૫ ટકા ડિવિડન્ડ અપાશે

બીલીમોરા- ગણદેવી ખેડૂત સહકારી સંઘની ૭૭ મી વાર્ષિક સાધારણ સભા શનિવાર સવારે સંઘ મ પરીસરમાં મળી હતી. જેમાં એજન્ડા ઉપરના તમામ કામો સર્વાનુમતે મંજૂર થયા હતા. સભાસદોને ૧૫ ટકા ડિન્ડન્ડ આપવાનું નક્કી કરાયું હતું. સભામાં સંઘના મેનેજર પરિમલ રાવલે સૌને આવકાર્યા બાદ પ્રમુખ ગોવિંદભાઈ પટેલે વાર્ષિક લેખા-જોખા સભાસદો સમક્ષ રજૂ કરી સંઘના વિવિધ કાર્યોની સભાસદને વિસ્તૃતમાં જાણકારી આપી હતી. સભાસદોને સંબોધન કરાત પ્રમુખે જણાવ્યું કે, ગણદેવી સંઘે ફરી એકવાર પાવર ટીલર વેચાણમાં આખા ભારતમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. સભામાં અગ્રણીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો, ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## તેરા તુજકો અર્પણ કાર્યક્રમ:કડોદરા પોલીસે ચોરાયેલા ૮ લાખના ૫૦ મોબાઈલ મૂળ માલિકને આપ્યા




બારડોલી- સુરત જિલ્લાના પલસાણા તાલુકાના કડોદરા પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ સીઈઆઈઆર પોર્ટલના ઉપયોગ કરતી કડોદરા જીઆઈડીસી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૫૦ જેટલા ગુમ મોબાઈલો શોધી કાઢી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત જે તે મોબાઈલ માલિકને ૮ લાખની કિંમતના મોબાઈલ પરત કર્યા હતાં.

હાલમાં સુરત ગ્રામ્ય પોલીસ તરફથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા નાગરિકોના ગુમ થયેલા મોબાઈલ શોધી કાઢવાની ઝુંબેશ ચાલી રહી છે. આ મોબાઈલ શોધ્યા બાદ પોલીસ દ્વારા જે તે માલિકોને આ મોબાઈલ પરત કરવામાં આવે છે અને તેના માટે સુરત જિલ્લાના કડોદરા પોલીસ સ્ટેશનના પીઆઈ પી. ડી. શાહના માર્ગદર્શન હેઠળ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડિસ્ટાફના પોકો. રૂડાભાઈ તેમજ પોકો મીત દ્વારા સીઈઆઈઆર પોર્ટલનો ઉબપયોગ કરી સતત તેનું મોનિટરિંગ રાખી કુલ ૫૦ જેટલા મોબાઈલ ફોન જેની કિંમત ૮,૦૧,૦૦૦ રૂપિયા પરત મેળવ્યા હતાં. અને આ મોબાઈલ રવિવારના રોજ કડોદરા પોલીસે એક કાર્યક્રમ યોજી માલિકને પરત કર્યા હતાં.




સમગ્ર ક્ષત્રિય ગિરાસદાર સમાજ અને ગાંગડ ભાયાતના વાઘેલા પરિવારના (ગાંગડ) ગામ માટે ગર્વની વાત એવા જયમલસિંહજી (જટુભા) વાઘેલાના પૌત્ર હર્ષવર્ધનસિંહ વિક્રમસિંહ વાઘેલા નાની ઉંમરના એક માત્ર ભારતીય જે ટેસ્લા (TESLA) કંપનીમાં (બફેલો ન્યૂયોર્ક અમેરિકા) ખાતે એન્જિનિયર તરીકે નિમણૂંક પામેલ છે તેમજ એરીઝોના સ્ટેટ યુનિવર્સિટી અમેરિકામાં અનુસ્નાતક કક્ષા ઉતીર્ણ જેથી સમગ્ર ક્ષત્રિય સમાજ તેમજ વાઘેલા ગિરાસદાર ક્ષત્રીય સમાજ ખુબ ખુબ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવે છે...

## અન્ય રાજયમાં સફર કરવી હોય તો છેક સુરત કે નંદુરબાર સુધી લાંબા થવું પડે છે

### મુસાફરો મુશ્કેલીમાંઃ વ્યારા સ્ટેશનેથી રોજ ૪૯ ટ્રેન પસાર થાય છે પરંતુ સ્ટોપેજ ફક્ત ૧૫ ને જ




**તાપી-** તાપી જિલ્લાનું મુખ્ય વડુ મથક વ્યારા રેલવે સ્ટેશન પરથી દરરોજ ૪૯થી વધુ પેસેન્જર ટ્રેનો પસાર થાય છે. તાપીમાં ધંધા અને વેપાર અર્થે ગુજરાત બહારના વિવિધ સમાજ મોટી સંખ્યામાં વસવાટ કરે છે. છતાં વ્યારામાં ફક્ત ૧૫ ટ્રેનોને જ અહીં સ્ટોપેજ છે. જેના કારણે રોજિંદા મુસાફરોને ભારે તકલીફો ભોગવવી પડે છે. બીજા સ્ટેટમાં જવા માટે ટ્રેનોના સ્ટોપેજ નહીં મૂળતા બીજા જિલ્લામાં કે પછી રાજયના સ્ટેશન ટ્રેનો પકડવા મુજબૂરું બની છે.

વ્યારામાં સ્થાનિકો સિવાય ગુજરાતની બહાર મહારાષ્ટ્ર ઉત્તર પ્રદેશ, રાજસ્થાન સહિત અન્ય રાજયોમાંથી મોટી સંખ્યામાં લોકો ધંધા, રોજગાર અર્થે કાયમી વસવાટ કરે છે. અન્ય રાજયમાંથી આવતા લોકો માટે પોતાના વતન જવા માટે ટ્રેનની મુસાફરી સૌથી સારી ગણાય છે. વ્યારા રેલ્વે સ્ટેશન પર દિવસ દરમિયાન ૪૯થી વધુ ટ્રેનો પસાર થાય છે. પરંતુ માત્ર ૧૫ જેટલી એક્સપ્રેસ અને લોકલ ટ્રેનોને જ સ્ટોપેજ મળ્યું છે. જેને લઈને આ જિલ્લામાં વસતા લોકોએ પોતાના વતનમાં જવું હોય ત્યારે જરૂરી ટ્રેનોના સ્ટોપેજને લઈને સુરત અથવા નંદુરબાર જવું પડે છે. એ બાબતે ઉત્તર ભારતીય સમાજ, રાજસ્થાની સમાજ, કચ્છી સમાજ સહિત અન્ય સમાજના આગેવાનો કહે, અમોએ અવારનવાર નવી ૧૪ થી વધુ ટ્રેનોના સ્ટોપેજ મળે એ માટે ધારાસભ્ય, અને વિભાગમાં રજૂઆત કરી છે. પરંતુ પરિણામ મળ્યું નથી. રાજનેતાઓ પણ ટ્રેનના સ્ટોપેજ મેળવવામાં નિષ્ફળ રહ્યા છે. અમારે વતન કે ધંધાર્થે બીજા રાજયમાં જવાનું હોય, તો પહેલા પાડોશી જિલ્લામાં કે પાડોશી રાજયના રેલ્વેસ્ટેશન જેવું પડે. ત્યાંથી વ્યારાથી પસાર થાય એજ ટ્રેનમાં બેસીએ છીએ. કેવી દયનીય હાલત અમારી છે. સ્ટોપેજઅપાયાજનથી

વ્યારા સ્ટેશને મહત્વની ટ્રેનોના સ્ટોપેજ ન મળવાથી અહીંના લોકોને પોતાના વતન જવા માટે અન્ય રેલવે સ્ટેશનનો ઉપયોગ કરવો પડે છે. ત્યાંથી પોતાના વતન જવા માટે બેસવું પડતું હોય છે. નાણાનો વ્યય થઈ રહ્યો છે. જો આ ટ્રેનોના સ્ટોપેજ વ્યારામાં મળે તો કાયમી સમસ્યાનો હલ આવી શકે.

## ડિઝલની ચોરી કરનાર ઇસમોની ધરપકડઃ ૧૭ જૂને હોટલ નજીક ત્રણ ટેન્કરમાંથી ડિઝલ ચોરી ભાગી ગયા હતા




વ્યારા- વ્યારા તાલુકાના માયપુર ગામમાં સીમમા ગત ૧૭ મી જૂનના રોજ એક હોટલ નજીક ત્રણ ડીઝલના ટેન્કરો પાર્ક કર્યા હતા. જે ત્રણ ટેન્કરોમાં રાત્રે દરમિયાન કેટલાક ઈસમોએ ૧૪૦૦ લિટર ડીઝલ કિંમત ૧.૨૨ લાખની ચોરી કરી ભાગી ગયા હતા. પોલીસે આ ચોરી કેસમાં ત્રણ આરોપીને પકડી મુદ્દા માલ કબજે કર્યો હતો.

વ્યારા તાલુકાના માયપુર ગામની સીમમાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર ૫૩ પર પાર્ક કરેલા ત્રણ ટ્રક ટેન્કરમાંથી ૧૭ જૂન, ૨૦૨૫ ની રાત્રે અજાણ્યા ઈસમોએ લોક તોડી ૧૪૦૦ લિટર ડીઝલની ચોરી કરી હતી. ડીઝલની કિંમત રૂ. ૧૨૨.૦૦૦ હતી.

આ મામલે વ્યારા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.વ્યારા પીઆઈ બી.જી. રાવલના નેતૃત્વમાં તપાસ શરૂ કરાઈ હતી.જે ચોરીની જગ્યાના આસપાસના સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ એનાલિસિસ અને જાહેર સ્ત્રોતો પરથી માહિતી મેળવી ત્રણ શખ્સોની ઓળખ કરવામાં આવી હતી.

વ્યારા પોલીસ ટીમ દ્વારા આરોપીઓ આશ્વિન ઉર્ફે ડેબો નવિનભાઈ ગામીત (ઉ.વ. ૨૭, રહે. ઇંદુગામ), સાવનભાઈ અરવિંદભાઈ ગામીત (ઉ.વ. ૩૫, રહે. વાંસકુઈ) અને જીગ્નેશભાઈ અમૃતભાઈ ગામીત (ઉ.વ. ૩૮, રહે. ઇંદુગામ) ને પકડી કડક પૂછપરછ કરવામાં આવી.

ત્રણેયે ગુનો કબૂલી લીધો. વ્યારા પોલીસે આરોપીઓ પાસેથી ૧૨૦ લિટર ડીઝલ કિંમત રૂ. ૧૦.૮૦૦ મારુતિ અલ્ટો કાર કિંમત રૂ. ૨.૫૦.૦૦૦ અને ત્રણ મોબાઇલ ફોન કિંમત રૂ. ૨૫.૦૦૦ મળી કુલ રૂ. ૨.૮૫.૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરાઈ હતી.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્સ્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).